Indian Journal of Social Sciences and Literature Studies
ISSN 2349-5634 (Print) ISSN 2455-0973 (Online)
Vol. 5, Issue 1, March 2019

# 'રતનપૂરના સીદીઓ અને બાબા ગોર' : એક અધ્યયન

ડૉ. પ્રદ્યુમનસિંહ જી. મહિડા
શ્રી અટલ બિહારી વાજપેયી સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, વાંકલ.

(A) પ્રસ્તાવના : -

પ્રાચીન કાળથી ભરૂચ જિલ્લો ભરપૂર ઈતિહાસ અને સંસ્કૃતિની ધરોહર જાળવીને બેઠો છે . અનેક સંસ્કૃતિના લોકો ભારતમાં આવ્યા અને પોતાની સંસ્કૃતિ સાથે તેમનું ભારતીય સંસ્કૃતિમાં એકીકરણ થયું અને તેઓ ભારતીય બની ગયા. ભરૂચ પણ ભારતમાં વિદેશથી આવેલી પોતાની વિશિષ્ટ સંસ્કૃતિ જાળવીને બેઠેલી પ્રજાનો વારસો ધરાવે છે. ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના મુખ્ય મથક ઝઘડિયાથી ચારેક કિ . મી.ના અંતરે આવેલું રતનપુર ગામ કે જે ચારે બાજુથી જંગલથી ઘેરાયલું છે. ત્યાં આફ્રિકાથી આવી વસેલી સીદી પ્રજા ની વિશિષ્ટ સંસ્કૃતિ જોવા મળે છે . જે વિશ્વભરમાં તેમના ધમાલ નૃત્ય માટે જાણીતી છે.

(1) સીદીઓનું મૂળ વતન:-

તેમનું મૂળ વતન ઉત્તર , પૂર્વે અને મધ્ય આફ્રિકાના પ્રદેશના છે . પોતાની વિશિષ્ટ સંસ્કૃતિ માટે જાણીતા સીદીઓ સંપૂર્ણ નીગ્રો પ્રજાતિય તત્વો ધરાવતી જાતિ છે . મજબુત શારિરીક બાંધાના , ઊંચા અને કાળા રંગના , ઘાટીલા અંગના, વાળ ઉન જેવા વાંકડિયા , મઢી પહોળો ચહેરો , લાંબુ અને પહોળું નાક , ઘેરી, કાળી અને બ્રાઉન આંખો ,જાડબું આગળ પડતું, હોઠ જાડા એ આ નિગ્રો જાતિના શારીરિક લક્ષણ છે . હસમુખા અને રમતિયાળ સ્વભાવના હોવાથી બીજા કરતાં જુદા તરી આવે છે . ઝઘડિયા તાલુકાનું રતનપુરમાં સૂફી સંત હજરત બાવાગોરની દરગાહ , ત્યાં ઉજવાતો ઉર્સ અને તેમના ધમાલ નૃત્ય માટે જાણીતાં બાવાગોરના મુરીદ (શિષ્ય) એવા આફ્રિકાથી આવી વસેલા સીદી લોકો માટે રતનપુર પ્રખ્યાત છે. આ સીદી લોકો સુદાન , અલ્જિરિયા, મોરોક્કો, ટ્યુનિશિયા,લિબિયા,યુગાન્ડા, તાન્જાનિયા અને ઝાંઝીબારના વતનીઓ હતાં. રતનપૂરમાં આપણે ફરતાં હોયતો એવું લાગે કે જાણે આપણે આફ્રિકાના કોઈ ભાગમાં ફરીએ છે.

'સીદી' શબ્દ વિષે ઓક્સફોર્ડ શબ્દ કોષ અનુસાર સીદી શબ્દ અરબી ભાષાના ' સૈયદ' શબ્દ માંથી ઉતરી આવેલ છે. જેનો અર્થ થાય છે રાજકુમાર, ઉમરાવ.

*ડૉ. પ્રદ્યુમનસિંહ જી. મહિડા, મદદનીશ પ્રાધ્યાપક,ઈતિહાસ
શ્રી અટલ બિહારી વાજપેયી સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, વાંકલ.

(2) ગુજરાતમાં વસવાટ:-

સીદીઓ ભારત કયારે આવ્યાં ? તેમને કોણ લાવ્યું ? તે જુદા જુદા મંતવ્યો જોવા મળે છે . સીદીઓ વિષે એક માન્યતા પ્રવર્તે છે કે તેઓ ભારતમાં માત્ર ગુલામ તરીકે જ આવ્યાં હતાં . અલબત્ત આરબો તેમની હિંદી મહાસાગર દ્વારા ૧૧માં સૈકામાં ગુલામ તરીકે લાવ્યાં હતાં . પરંતુ સંખ્યાબંધ સીદીઓ વેપારી , વહાણવટી, સૈનિકો તરીકે ભારત આવ્યાં હતાં. આરબ વેપારીઓ ઉપરાંત પોર્ટુગીઝો , અંગ્રેજો અને વલંદાઓએ પણ સીદીઓને ગુલામ તરીકે આ દેશમાં આયાત કર્યા હતાં. તેમાં છતાં તેઓ આપબળે સ્વતંત્ર થઈને સેનાપતિ તથા નૌકાધ્યક્ષ તરીકે પ્રખ્યાત થયા હતાં . જેમ કે મલેક કાફૂર, સુલતાન અલ્લાઉદ્દીન ખીલજીના સમયમાં પ્રખ્યાત સીદી યોધ્ધા હતો . ઈથોયોપિયાનો સીદી યાકુત ઈ .સ.૧૪૯૦માં ગોવામાં બહાદુર શેલાણીનો એડમિરલ હતો. જમાલુદ્દીન યાકુત નામનો સીદી રઝીયા સુલતાનાનો માનીતો સેનાપતિ હતો. છત્રપતિ શિવાજીના સૈન્યમાં જંજીરાના બળવાન સૈનિકો સીદીઓ હતાં . આમ મજબુત બાંધાના સીદીઓ કુશળ સૈનિકો હતાં. તેની સાથે તેઓ સુફી સંત તરીકે પણ પંકાયા હતાં.

બારમી સદીના ઉત્તરાર્ધમાં શાહબુદ્દીન મોહમ્મદ ઘોરીએ ભારત પર આક્રમણ કર્યું . ત્યારે સૈનિકોનો જુસ્સો વધારવા નોંબત (ડ્રમ) વગાડનાર તરીકે સીદીઓ આફ્રિકાના સુદાન કે ઝાંઝીબારથી અરબસ્તાન થઈને ભારત આવ્યાં હતાં. ઈ.સ.૧૨૯૭માં અલાઉદ્દીન ખલજીએ ગુજરાત પર ચઢાઈ કરી ત્યારે તેના લશ્કરમાં સૈનિક તરીકે સીદીઓએ કામગીરી કરી હતી. ગુજરાતના બાદશાહ અહમદશાહના સેનાપતિ તરીકે સીદી સૈયદે અમદાવાદના લાલ દરવાજા પાસે બંધાયેલી મસ્જિદમાં પથ્થરની સુંદર કોતરણીવાળી જાળી નંખાવી હતી . આજે પણ સીદી સૈયદની જાળી તરીકે ઓળખાય છે અને તેની કોતરણી માટે જગવિખ્યાત બની છે . જયારે સલ્તનત કાળના સુફી કવિ સીદી બશીરે અમદવાદમાં રેલ્વે સ્ટેશન પાસે બે મિનારા બાંધ્યા હતાં . જે ઝુલતા મિનારા તરીકે આજે પણ પ્રખ્યાત છે . એક મત એવો પણ છે કે કેટલાક ભારતીય વેપારીઓ આફ્રિકામાં વેપાર અર્થે ગયા હતાં . ત્યાંથી કેટલાક સ્ત્રી - પુરૂષને પોતાની સાથે ભારત લાવ્યાં હતાં .તેઓનો વંશ અહીં ગુજરાતમાં જ વસી ગયો હશે.

કચ્છના રાજવી દેશળજીના સમયમાં કચ્છના લશ્કરમાં સીદીઓની સૈનિકની ટુકડી હતી . તેમના અંગરક્ષક તરીકે અને કારભારી તરીકે સીદી મસુદ હતો.તેમાંથી એક ટુકડી રતનપુર આવી વસી હશે.

(3) બાબા ગોર અને સીદીઓની રતનપુર આગમન :-

બાબા ગોરનો સમયગાળો ઈ .સ.૧૩૯૬ થી ૧૪૬૫ વચ્ચેનો હોવાનું માનવા આવે છે . બાબા ગોર અમદાવાદના સ્થાપક સુલતાન અહમદશાહના સમયમાં નાઈજીરીયાના ગુલામ તરીકે ગુજરાતમાં આવ્યાં હતાં . આરબોની ગુલામી માંથી તેઓ આપબળે મુક્ત થયા અને ભરૂચથી પૂર્વ દિશાએ આવેલા ઝઘડિયા નજીકના રતનપુર ગામમાં સ્થાયી થયા. આ સમયે ભરૂચ અને ખંભાત ભારતના પ્રથમ કક્ષાના બંદર હતાં . જ્યાંથી ચીન, અગ્નિ એશિયા અને પશ્ચિમના દેશો, આફ્રિકાના દેશો સાથે દરિયાઈ વેપાર ચાલતો હતો . આ વેપારમાં અકીક , કાર્નેલીયન અને જસ્પારનાં કિમંતી પથ્થરોનો વેપાર ધોમધોકાર ચાલતો.

બાબા ગોરે રતનપુરમાં આવેલી અકીક પથ્થરની ખાણનાં ખોદકામમાંથી અકીક ઉદ્યોગ શરૂ કર્યો . અને સાથે સેંકડો સીદીઓને મજૂરીએ લગાડી ખોદકામ શરૂ કર્યું . અકીક, કાર્નેલીયન અને જસ્પારના કિમંતી ભેગા કરવાનું કામ શરૂ કર્યું. ભોયતળીયે ભઠ્ઠીઓ કરી પથ્થરની જાત મુજબ ચકાસી , લાલ,લીલા,આછા ગુલાબી, વાદળી, સફેદ અને કાળા કુદરતી રંગો આપ્યાં. ત્યારબાદ શારડી, હથોડી અને મીણનો ઉપયોગ કરીને મણકા જેવી ચીજોને કાણાં પાડ્યાં . તેમાંથી રંગબેરંગી વિવિધ આકારના મણકા , વીંટી, કાનની કડી, વાળમાં નાંખવાની સળી, રમકડાં તૈયાર કર્યા. તેમણે ખાસ કાળો રંગ ઉપસાવીને આફ્રિકન ઓળખને વ્યક્ત કરી . તેઓ ખંભાત અને ભરૂચ મારફતે હિંદી મહાસાગરના આસપાસના પ્રદેશોમાં ઈન્ડો- આફ્રિકન એથનિક માલ વેચતા . છેક યુરોપ સુધી માલની નિકાસ કરતાં હતાં . તેઓ માત્ર સુફી સંત જ નહિ, પણ એક સફળ સાહસિક વેપારી અને આંત્રેપ્રેનોર હતાં. જેમણે હજારો સીદીઓને રોજી રોટી આપી હતી.

આજે રતનપુરમાં સીદીઓના ૬૦ જેટલા પરિવાર અને ૩૦૦ માણસો વસે છે . અને તેઓ ઈસ્લામ ધર્મ પાળે છે . આ લોકો રતનપુરમાં ૧લી રજબ હિજરી ૧૦૯૭ એટલે કે ઈ .સ.૧૬૭૭માં મુસ્લિમ સંત શેખ સૈયદી મુબારક બાવાગોર રફાઈ સાથે આવીને સ્થિર થયાં હોય એવું મનાય છે . આ સંતનું મૂળ નામ સીદી મુબારક નોબ હતું . તેમની સાથે તેમના મોટાભાઈ અઝીઝ હજરત બાબા હબસ તથા નાનાભાઈ હજરત બાબા રેહાન અને તેમના બહેન હજરત મા - એ-મીસરા (માં મીસરા) પણ આવ્યાં હતાં.

બાબાગોર અકીકના વેપારીની સાથે સાથે સુફી વિચારનાં સંત પણ હતાં . તેમણે ઈસ્લામના રહસ્યવાદ અને સમતાવાદ, હિંદુ ધર્મના અદ્વૈત અને 'તત્ ત્વમ્ અસિ 'નાં ખ્યાલની સાથે ભક્તિ પરંપરાની પ્રેમલક્ષણા સગુણ ભક્તિ વગેરેનો સમન્વય કરીને સામાન્ય પ્રજાજનોમાં કોની એખલાસની ભાવના જગાડી હતી . તેમણે હિંદુ મુસ્લિમોને ભેગા કરીને ઉપદેશો આપ્યાં અને તે સમયે પ્રવર્તમાન શેર , શાયરી, ધ્રુપદ, ઠુમરી, ગઝલ, ધમાલ નૃત્ય વગેરે લોકસંપર્કના મનોરંજક કાર્યક્રમો આપીને જે કોમી એખલાસનું વાતાવરણ પ્રગટાવ્યું હતું . ઈ.સ.૧૪૬૫માં બાબાગોર અવસાન પામ્યાં. ત્યારથી તેમની યાદમાં રતનપુરમાં સૂફીસંત 'બાબાગોર'ની દરગાહ પાસે દર વર્ષે ઉર્સ ભરાય છે. જેમાં લાખો લોકો ઉમટી આવે છે.

ઝઘડિયાના રતનપુર વિસ્તારના ઈતિહાસની અગત્યતા સિંધુખીણની સંસ્કૃતિના સમયથી જોવા મળે છે . સિંધુખીણની સભ્યતાના બે મહત્વના સ્થળ નર્મદા નદીના કિનારે ભાગાતળાવ અને મહેગામથી અકીકના મણકાનો વેપાર વિદેશમાં થતો હોવાના અવશેષો શોધાયા છે અને આ અકીક રતનપુરની પાસેની ખાણ માંથી મળી આવતું . સૌપ્રથમ સીદીઓ ગુજરાતમાં રતનપુર ખાતે અકીકની ખાણમાં મજુરી કરવા આવ્યાં હશે . અને ત્યારબાદ ગુજરાતમાં અન્ય સ્થળો ગીરના જંગલોમાં, જાફરાબાદ, જંજીરા,જાંબુડાની આસપાસ ગયાં હશે.

પોર્ટુગીઝ મુસાફિર બાર્બોસાએ ઈ.સ. ૧૫૧૫માં નોંધ્યું છે કે " બાબા ઘુરીયા અને તેમની પુત્રી માઈ મરિયમના બ્રાંડ નેમથી હબસીઓની બનાવતો હિંદ અને હિંદ બહાર લોકપ્રિય બની છે . લાલ રંગના પારદર્શક અકીક , કાર્નેલીયન બનાવટો બાબા ગોરની પુત્રી 'માઈ મરિયમ' તરીકે ઓળખાય છે.

<u>(4) રતનપુરના સીદીઓની સંસ્કૃતિ:-</u>

સીદીઓ સ્વભાવે સરળ ,માયાળુ અને મોજીલા છે . જીવનને ઉત્સવની માફક જીવનારા અને નફિકરા છે . આથી તેઓ એકબીજાને "બાદશાહ" ના હુલામણા નામે સંબોધે છે. લોકો પણ તેમને 'સીદી બાદશાહ' તરીકે ઓળખે છે.

રતનપુરના સીદીઓ તેમના પરંપરાગત સીદી ગોમા એટલે કે ધમાલ નૃત્યના કારણે વિશ્વભરમાં પ્રસિદ્ધ મેળવી છે . તેમના સંગીતના વાદ્યોમાં મુસીદો (મોટો ઢોલ ), મુગરમાનો (સેલાની), નોબત, ઢોલક, મિસરા, મુખ્તો(દંડો), નફીલ(શંખ) અને મુરગો જેવા પરંપરાગત વાદ્યો છે . સંગીતમય લયથી જકકરી (ગીતનો પ્રકાર ) ગાઈને સમગ્ર વાતાવરણને સંગીતમય બનાવી છે . શરીર પર તેઓ જાત જાતના ચિતરામણ કરે છે . ખાસ પ્રકારની દીવાલની ટોપી પહેરે છે. કેડની નીચેના ભાગે ફ્રોક જેવું ગોળ વસ્ત્ર પહેરે છે . માથા પર મોર અને અન્ય પક્ષીઓના પીંછા ખોસે છે અને હાથમાં નાના ઢોલ જેવું સાધન હાથની થાપી આપીને વગાડે છે . વાંજિત્રોના તાલ સાથે પુરુષો ઝીકરી ગાય છે અને સ્ત્રીઓ તેણે ઝીલે છે . ધમાલ નૃત્યની પરાકાષ્ઠા ત્યારે આવે છે કે નૃત્ય કરતો પુરુષ છોલેલા નારિયેળ હવામાં ઉંચે ઉછાળી પોતાના માથે પછાડી ફોડે છે.

સીદીઓનું ધમાલ નૃત્ય માત્ર મનોરંજન નથી , તેમનું ધાર્મિક નૃત્ય છે . આમ છતાં તે અન્ય ઉત્સવોના પ્રસંગે ગવાય છે . હિન્દુઓ દ્વારા નવરાત્રી દરમિયાન ગવાતાં ગરબા સાથે એને સરખાવી શકાય . ગુજરાત સરકાર દ્વારા યોજાતા ગરબા મહોત્સવમાં સીદીઓના ધમાલ નૃત્યનો સમાવેશ કરવામાં આવે છે . સીદી પ્રજા લડાયક ખમીર ધરાવનારી પ્રજા છે. પરંતુ ગુજરાતમાં વસીને તે મિલનસાર સ્વભાવની , બિનસંપ્રદાયિક અને કોમી ભાઈચારામાં માનતી પ્રજા બની છે.

મુસ્લિમ કેલેન્ડર અનુસાર રજબ મહિનાના નવમા અને દસમા ચાંદના દિવસે રતનપુરમાં હજરત બાબાગોરનો ઉત્સવ ઉજવાય છે. બાવાગોર તે એમના આદિપુરૂષ ગણાય છે . એ વખતે ગમે ત્યાં વસેલા સીદીઓ રતનપુર આવે છે. સીદી સ્ત્રી- પુરુષો આખી રાત બાવાગોરની દરગાહ પાસે ધમાલ નૃત્ય કરે છે . સીદી લોકો તેમના ધર્મગુરુની ઈબાદતમાં તેમની સવાહીલી કે સ્વાલી ભાષામાં ધાર્મિક ગીતો ગાય છે . સ્વાલી તેમની મૂળ ભાષા છે . જે કોઈને શીખવવામાં નથી આવતી . પરંતુ તેઓને વંશપરંપરાગત આવડી જાય છે . પરંતુ બદલાતા સમય સાથે ગીતોમાં ગુજરાતી , હિન્દી, ઉર્દુ ભાષાના શબ્દો પણ વપરાય છે . રતનપુરમાં ઉર્સની ઉજવણી કર્યા બાદ ગુજરાતમાં જ્યાં સીદીઓ વસવાટ કરે છે, ત્યાં ઉર્સ ઉજવાય છે . ઉર્સના પ્રથમ દિવસે બોજો પકવવાની વિધિ થાય છે . જેમાં એક ઘડામાં દૂધ , સુકો મેવો, ઘઉં વગેરેનું મિશ્રણ બનાવવામાં આવે છે . જેને છઠ્ઠા ચાંદના દિવસે ગામમાં બધાને પ્રસાદ તરીકે વહેંચવામાં આવે છે . એ દિવસે સવારની અઝાન સુધી ધમાલ નૃત્ય ચાલે છે અને અલ્લાહને સલ્વાત (પ્રાર્થના) કરવામાં આવે છે . તે પછી તેમના વાદ્યો સાથે ઝીકરીઓ ગવાય છે . જેમાં માઈમીસરા વાદ્ય વગાડવામાં આવે છે . નારિયાળની કાચલીમાં કોડીઓ ભરી , કાચલીની આંખોમાં લાકડાનો હાથો નાખી ખખડાવવા માટેનું સાધન તે માઈમીસરા કહેવાય છે . બીજું વાદ્ય મોગરમાન જે તાડના ધડને અંદરથી કોતરીને પોલું બનાવાય છે . તેની એકબાજુ ઢોલકની માફક પ્રાણીનું ચામડું લગાવી લાકડાના દંડાથી વગાડાય છે . ત્રીજું વાદ્ય મલુન્ગા, જેમાં મોટી દુધીના પડને પકવી મજબુત બનાવી , તેમાં રહેલા બીજ અને માવો

કાઢી નંખાય છે . પોલી દુધીને બંને છેડાને એકબીજા સાથે પાતળી મજબુત દોરી બાંધી વગાડવવામાં આવે છે . આ ઉત્સવમાં સ્થાનિક મુસ્લિમો અને હિંદુઓ પણ જોડાય છે.

ગુજરાતમાં કેટલાક સીદી નવાબો પણ થઈ ગયા . સચિન, સુરત, ખંભાતના નવાબો સીદી હતાં . સીદીઓ ઈસ્લામની સુફી પરંપરાને અનુસરે છે . આથી જીવન લહેર અને મોજથી જીવે છે . સીદીઓમાં બે પેટા જ્ઞાતિઓ છે. વિલાયતી અને મુવાલદ. કચ્છના સીદીઓ 'જમાદાર' તરીકે ઓળખાય છે. સીદીઓમાં હાલમાં તો શિક્ષણનો અભાવ જોવા મળે છે. દારુણ ગરીબી હોવા છતાં તેઓ પોતાની સંસ્કૃતિમાં મસ્ત રહે છે . તેથી દેશના કાયદા - કાનુનના જાણકાર પણ ઓછા છે. પરંતુ રતનપુરમાં તેઓના સમાજ માટે 'સીદીસભા' છે જે તેમના આંતરિક વિખવાદોનો ન્યાય આપે છે . લગ્ન વ્યવસ્થા, મરણની ક્રિયા કુરાન પ્રમાણે કરવામાં આવે છે . લોકસંસ્કૃતિના ઈતિહાસકાર જોરાવરસિંહ જાદવ કહે છે. 'ગુજરાતના સીદીઓ તેમની આગવી કલાથી આખા વિશ્વમાં પ્રસિદ્ધ છે . ભરૂચના સીદી ગોમાનું ધમાલ નૃત્ય વિશ્વભરમાં રજુ કરવામાં આવ્યું, ત્યારથી આ કલાને ગુજરાતની આગવી કલા તરીકે ખ્યાતી મળી છે.'

<u>સંદર્ભો:-</u>

(૧) વાળંદ નરોત્તમ, ' ભરૂચની ભવ્યતા,' કાંતિલાલ જયકિશનદાસ ચોકસી ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદ, ૨૦૧૧

(૨) મહેન્દ્ર આર. ત્રિવેદી (સંપા), 'ગુજરાત રાજય સર્વ સંગ્રહ, ભરૂચ જિલ્લો', ગુજરાત સરકાર, ગાંધીનગર, ૧૯૯૧

(૨) પ્રવિણ પટેલ, ' દેવભૂમિ દ્વારકા જિલ્લાના સીદી બાદશાહ ,' સમાયિક- અતુલ્ય વારસો - અંક-૧૦,ઓગષ્ટ-૨૦૧૫ થી
ઓક્ટોબર- ૨૦૧૫

(૩) દિવ્ય ભાસ્કર, ' સીદી, હબસી, ગુલામ, ધમાલ...,' તા. ૨૬ જુન ૨૦૧૩

(૪) ભૃગુતીર્થ ભરૂચ, માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર, ૨૦૦૭

(૫) ગુજરાત સમાચાર, ' દારૂણ ગરીબીમાં મસ્ત રહેતા સીદીઓ ' બાદશાહ' કહેવાયા,' તા. ૨૩ જુન- ૨૦૧૧

(૬) ગુજરાત સમાચાર, ' અમદાવાદના સીદીઓ અને તેમના મહાન પૂર્વજ ઉદ્યોગપતિઓ'- તા. અપ્રાપ્ય

(૬) રતનપુર તા. ઝઘડિયા ગામની રૂબરૂ મુલાકાતના આધારે.